# Visit of Minister of State for External Affairs, Smt. Meenakashi Lekhi to Portugal and Spain (September 12-17, 2021)

September 11, 2021

---

# રાજ્યકક્ષાના વિદેશમંત્રી શ્રીમતી મીનાક્ષી લેખીની પોર્ટુગલ અને સ્પેન મુલાકાત (સપ્ટેમ્બર 12-17, 2021)

સપ્ટેમ્બર 11, 2021

રાજ્યકક્ષાના વિદેશમંત્રી શ્રીમતી મીનાક્ષી લેખી 12થી 17 સપ્ટેમ્બર 2021 દરમિયાન પોર્ટુગલ અને સ્પેનની સત્તાવાર મુલાકાત લેશે.

2. 12-14 સપ્ટેમ્બરની પોર્ટુગલની મુલાકાત દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી તેમના સમકક્ષ આંતરરાષ્ટ્રીય બાબતો અને સહકારના વિદેશમંત્રી મહામહિમ ફ્રાન્સિસ્કો એન્ડ્રે સાથે મુલાકાત કરશે. તેઓ પોર્ટુગલના વિદેશમંત્રી ઓગસ્ટો સાન્ટોસ સિલ્વા અને વિદેશ મંત્રાલયના સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ટરનેશનલાઈઝેશન મહામહિમ યુરિકો બ્રિહાન્દે દાયસને મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન પોર્ટુગલમાં ભારતીય નાગરિકોની ભરતી માટે એક દ્વિપક્ષીય કરાર પર સહી કરવામાં આવશે.

3. રાજ્યકક્ષાના મંત્રી પોર્ટુગલના સાંસ્કૃતિક બાબતોના મંત્રી ગ્રેસા મેરિયા ડા ફોન્સેસા અને કોમ્યુનિટી ઓફ પોર્ટુગીઝ લેંગ્વેઝ કન્ટ્રીઝ (સીપીએલપી)ના એક્ઝિક્યુટિવ સેક્રેટરી મહામહિમ ઝેકારિયાસ ડા કોસ્ટાને મળશે. ભારતને જુલાઈ 2021માં સીપીએલપીના એસોસિયેટ ઓબ્જર્વર તરીકે દાખલ કરવામાં આવ્યું હતું અને તે લ્યુસોફોન દેશો સાથે તેમના ઐતિહાસિક સંબંધોને વધારે ગાઢ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. તેઓ ભારતીય સમુદાયના સભ્યોને મળશે અને આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરતા કાર્યક્રમમાં હાજરી આપશે.

4. સ્પેનની મુલાકાત દરમિયાન 15-17 સપ્ટેમ્બર સુધી રાજ્યકક્ષાના મંત્રી તેમના સમકક્ષ વિદેશ મંત્રી, મહામહિમ એન્જેલસ મોરેનો બાઉની સાથે મંત્રણા કરશે અને સ્પેનિશ સરકારના વરિષ્ઠ પદાધિકારીઓને મળશે. રાજ્યકક્ષાના મંત્રી કેસા ડી લા ઈન્ડિયા, વેલાડોલિડ ખાતે 'ધ બીટલ્સ એન્ડ ઈન્ડિયા' એક્ઝિબિશમાં ભાગ લેશે અને સ્પેન ઈન્ડિયા કાઉન્સિલ ફાઉન્ડેશન ખાતે ભારતના વિકાસ સહકાર અંગે વક્તવ્ય આપશે. તેઓ સ્પેનમાં આઈસીસીઆર એલ્યુમ્ની સહિતના ઈન્ડોલોજિસ્ટ અને ઈન્ડોફાઈલ્સ તથા ભારતીય કોમ્યુનિટી સાથે વાતચીત કરશે.

5. ભારત પોર્ટુગલ અને સ્પેન સાથે હુંફાળા અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. કોવિડ 19 મહામારીની શરૂઆત પછી રાજ્યકક્ષાના મંત્રીની આ બે દેશોની પ્રથમ રૂબરુ મુલાકાત છે. તેનાથી બંને દેશ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને નવી ગતિ મળવાની આશા છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 11, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.